PG CL　　પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ　　PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૬/કવા–૦૩/૧૭–૧૮/ 1260 (5)　　તા. 09-02-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
મનસુખભાઈ નારણભાઈ ભુત,
ન્યુ. સોમનાથ ઈન્ડ. એરીયા– શેડ નં–૨,
કોઠારીયા – ગોંડલ રોડ,
રાજકોટ
મો: ૯૯૦૪૯ ૫૫૦૯૩

વિષય :–લોડ વધારા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૨–૧૨–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૬/કવા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે. ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૬૬/ક્વા–૦૩/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૩૦–૦૧–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: મનસુખભાઈ નારણભાઈ ભુત, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

## વિરુધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)**

**રજુઆત કરનાર :એચ.બી.પરમાર – શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ**

## : હુકમ :

**ફરીયાદ : લોડ વધારા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ તેમના હૈયાત ઔદ્યોગીક જોડાણ નં. ૩૪૫૧૩/૩૫૨૬૧/૨ (હૈયાત – ૧૫ કીવો ) મા વધારા ના ૦૫ કીવો નો વીજભાર વધારો માંગી અને જોડાણ ને કુલ ૨૦ કીવો કરવા માટે ની માંગણી – તા.૦૯–૦૯–૧૬ ના રોજ થી કરાયેલ છે – તેમ છતા – તેઓના વીજબીલ મા ૧૫ કીવો જ લખાય ને આવે છે. આમ, યોગ્ય વીજભાર નુ વીજબીલ મેળવવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, સદર અરજદાર ના હૈયાત એલ.ટી.એમ.ડી વીજજોડાણ નં. ૩૪૫૧૩/૩૫૨૬૧/૨ (હૈયાત – ૧૫ કીવો ) – મનસુખભાઈ નારણભાઈ ભુત દ્વારા વધારા ના ૦૫ કીવો નો વીજભાર વધારો માંગી અને જોડાણ ને કુલ ૨૦ કીવો કરવા માટે ની માંગણી – વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ મા નોંધણી કરાવેલ હતી. જે અન્વયે – પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ને તા.૦૧–૦૯–૧૬ ના રોજ ભાવપત્રક અપાયેલ હતુ. જે અરજદાર દ્વારા તા.૦૯–૦૯–૧૬ ના રોજ થી ભરપાઈ કરાયેલ છે, અને ટેસ્ટ રીપોર્ટ તા.૧૨–૦૯–૧૬ ના રોજ આપેલ હતો. જે મુજબ – પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા – અરજદાર ના વીજબીલ મા માંગણી મુજબ નો વીજભાર ૨૦ કીવો દર્શાવાને બદલે ૧૫ કીવો મુજબ વીજભાર – માહે ડિસેમ્બર–૧૭ બીલ્ડ ઈન જાન્યુઆરી–૧૮ સુધી દર્શાવામા આવેલ હતો. સદર બાબત – પીજીવીસીએલ ના સીઆરએમ મોડયુલ મા અપડેટ કરવાની રહી ગયેલ – તેમ જણાયેલ છે. જે હાલ મા ગ્રાહક ના માસ્ટર રેકર્ડ મા કોન્ટ્રાકટ લોડ અને કોન્ટ્રાકટ ડિમાન્ડ મા સુધારો કરી આપેલ છે, જેથી જે ગ્રાહક ને હવે પછી ના વીજબીલ માહે ફેબ્રુઆરી–૧૮ મા ૨૦ કીવો મુજબ – દર્શાવતુ વીજબીલ બનાવવામા આવશે. સદર બાબત ની અરજદાર શ્રી ને જાણકારી આપતા – તા.૩૦–૦૧–૧૮ મુજબ – અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ થતા – અરજદાર શ્રી એ લેખીત સંમતીપત્ર મા સહી કરી આપેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે સદર અરજદાર ના હૈયાત એલ.ટી.એમ.ડી વીજજોડાણ નં. ૩૪૫૧૩/૩૫૨૬૧/૨ મુજબ – પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા – અરજદાર ના વીજબીલ મા માંગણી મુજબ નો વીજભાર ૨૦ કીવો દર્શાવાને બદલે ૧૫ કીવો મુજબ |

| | |
|---|---|
| | વીજભાર – માહે ડિસેમ્બર–૧૭ બીલ્ડ ઈન જાન્યુઆરી–૧૮ સુધી દર્શાવામા આવેલ હતો. સદર બાબત – પીજીવીસીએલ ના સીઆરએમ મોડયુલ મા અપડેટ કરવાની રહી ગયેલ – તેમ જણાયેલ છે. જે બાબત ખૂબજ ગંભીર હોય – તેમજ સદર બાબતે પીજીવીસીએલ કંપની દ્વારા જરૂરી ચાર્જ વસુલેલ ન હોય, તે બાબત નુ વિભાગીય કચેરી ના ધ્યાને પણ આવેલ ન હોય – સદર બાબતે નાણાકીય નુકશાન થયેલ છે. જે બાબત ની ફોરમ કમિટીએ ખાસ નોધ લીધેલ છે. ભવિષ્યમા આ પ્રકારની ભુલોનુ પુનરાવર્તન ન થાય તે માટે યોગ્ય કાર્યવાહી કરવા માટે – પીજીવીસીએલ પક્ષકાર ને ખાસ જણાવવામા આવે છે. તેમજ લોડ વધારા બાબતેની – વસુલવા પાત્ર થતી તફાવતીય રકમ – જો વસુલેલ ન હોય તો– અરજદાર શ્રી ને લેખીત પત્ર થી વિગતવાર ગણતરીપત્રક આપીને – અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા વસુલવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| | પીજીવીસીએલ પક્ષકાર ના જણાવ્યા મુજબ – ગ્રાહક ના માસ્ટર રેકર્ડ મા કોન્ટ્રાકટ લોડ અને કોન્ટ્રાકટ ડિમાન્ડ મા સુધારો કરી આપેલ છે, જેથી જે ગ્રાહક ને હવે પછી ના વીજબીલ માહે ફેબ્રુઆરી–૧૮ મા ૨૦ કીવો મુજબ – દર્શાવતુ વીજબીલ બનાવવામા આવશે. સદર બાબત ની અરજદાર શ્રી ને જાણકારી આપતા – તા.૩૦–૦૧–૧૮ મુજબ – અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ થતા – અરજદાર શ્રી એ લેખીત સંમતીપત્ર મા સહી કરી આપેલ છે. |

**<u>મુદ્દા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| **<u>૪.૧</u>** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે ની – પીજીવીસીએલ પક્ષકાર ને કાર્યવાહી કરવા માટે જણાવવામા આવે છે. |
| **<u>૪.૨</u>** | તેમજ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે – અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ કરાયેલ હોય – તે બાબત ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**<u>નોંધ</u>** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.**